સેકટર-૨૧ કટ પાસે કારની અડફેટે બાઈક પર સવાર માતાનું મૃત્યુ

ગાંધીનગર,તા.૪

શહેરના ચ માર્ગ પર પંચદેવ મંદિર સામે સેકટર-૨૧ તરફ જવાના કટ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં બાઈક પર સવાર માતા-પુત્ર બંન્ને માર્ગ પર પટકાયા હતા.જેમાં દિકરાને સામાન્ય ઈજા પહોંચી હતી, જયારે તેના માતાના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ગાંધીનગર સિવિલ ખાતે ઈજાગ્રસ્ત માતાને લઈ જતા હાજર ડોકટરે ચકાસીને મરણ જાહેર કર્યા હતા. માતા-પુત્ર લોદરા ગામે સામાજીક પ્રસંગમાં હાજરી આપીને બાપુનગર ઘરે જઈ રહ્યા હતા. ત્યારે પુત્રની આંખ સામે માતાને કાળ ભરખી ગયો હતો. બનાવ અંગે પ્રકાશ રમેશભાઈ પટેલની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ બાપુનગર રઘુનાથ સ્કુલની પાછળ ઘનશ્યામનગર સોસાયટી મકાન નં.એ-૨૨ ખાતે માતા-પિતા સાથે રહેતો પ્રકાશ રમેશભાઈ પટેલ ઈન્કમ ટેક્ષ ખાતે આવેલી આઈટી કંપની વેબેન્ચરમાં નોકરી કરે છે. મુળ વતન માણસાના લોદરા ખાતે સામાજીક પ્રસંગ હોવાથી ઘરના તમામ સભ્યો આવ્યા હતા. જયારે સામાજીક પ્રસંગ પૂર્ણ થઈ ગયા પછી આજે વહેલી સવારે બાઈક નં. જી.જે.૨૭.બી.સી.-૯૭૧૫ લઈને માતાને બેસાડી અમદાવાદ ઘરે જઈ રહ્યા હતા. ત્યારે સવારના છ વાગ્યાના અરસામાં ચ-૬ સર્કલ થી આગળ સેકટર-૨૧ તરફના કટ પાસે એક કાર નં. જી. જે. ૧૮. એ. એમ.-૯૬૦૮ ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં મા-દિકરો જમીન પર પટકાયા હતા. જેમાં દિકરાને સામાન્ય ઈજા પહોંચી હતી.જયારે માતાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જયારે ૧૦૮ દ્વારા પ્રકાશ માતાને સારવાર માટે લઈ ગયો હતો. પરંતુ ડોકટર દ્વારા ચકાસીને મરણ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે પુત્રની આંખ સામે ગંભીર ઈજાને પગલે માતાનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. જયારે બનાવની જાણ થતા લોદરા થી પણ પરિવારના સભ્યો ગાંધીનગર સિવિલ ખાતે દોડી આવ્યા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધતાં સરકારી કચેરીઓમાં મુલાકાતીઓ ઘટ્યા છે.

● ૭મીએ ગાંધીનગર જિલ્લામાં યોજાનાર મેગા જોબ ફેર અનિવાર્ય સંજોગોને લઈ મુલ્તવી રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

● ગાંધીનગરના સિનીયર ફોટો જર્નાલીસ્ટ રાધેશ્યામ રાઠોડ તથા પૂર્વ જિલ્લા માહિતી અધિકારી વિનોદ રાઠોડના માતુશ્રી લીલાબાનું આજે દુઃખદ અવસાન થયુ છે.

● વિપક્ષના નેતા સુખરામ રાઠવાના પિતાશ્રીના થયેલા દુઃખદ અવસાન બાદ ગાંધીનગર ખાતે સદ્ગતનું બેસણું ૬ મે ના રોજ રાખવામાં આવેલ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે મહિલા બાળ વિકાસ હસ્તકની આંગણવાડીઓના કાર્યકર અને તેડાગર બહેનોની ભરતી માટેની પ્રકિયા હાથ ધરાઈ હતી.

● ગાંધીનગર શહેર જિલ્લામાં ૭મી સુધી ગરમીનો પારો ૪૨ ડિગ્રી રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૪-૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

● દિવ્યાંગ વૃદ્ધના ટેક્સ ભરવા સહિતના પ્રશ્નોનું નાયબ મ્યુનિ. કમિશનર સી.એમ. ત્રિવેદીએ માનવીય અભિગમ દાખવી મદદરૂપ થઈ પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવી સૌ કર્મચારીઓ અને મુલાકાતીઓના દિલ જીત્યા હતા.

● કેવડિયા ખાતે યોજાનાર આરોગ્યની ચિંતન શિબિર માટે જિલ્લાની ત્રણ ટીમોને રિસેપ્શનની જવાબદારી સોંપવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં આજે પેયજળનો પુરવઠો નિયત સમય મર્યાદા કરતાં અર્ધો કલાક વહેલો બંધ કરી દેવાતાં પાટનગ રવાસીઓ પરેશાન થયા હતા.

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિરને કલ્પતરૂ ફાઉન્ડેશન દ્વારા કલર કોપીયર મશીન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૪

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર ગાંધીનગરને કલ્પતરૂ ફાઉન્ડેશન દ્વારા કલર કોપીયર મશીન આપી તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના ડાયરેક્ટર કમલભાઈ જૈન, કલ્પતરૂ ફાઉન્ડેશન તરફથી અનાગા પુજારી, કૃણાલભાઈ શાહ, ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટી અધિકારી શાહભાઈ, મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા અંકિતભાઈ બારોટ તેમજ સંસ્થાના ટ્રસ્ટી નિશીતભાઈ વ્યાસ તથા રાજેશ પંચોલી હાજર રહ્યા હતા. સાથે સાથે સત્ર પુરૂ થતાં મૂક-બધિર બાળકોનો વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના સંચાલક વૈભવ જાની દ્વારા કરવામાં આવ્યું હતું.

અરિહંત હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને આરઆઈના પ્રોફેસર ડૉ. કિંજલ પટેલનું આયુથોન મેરેથોનમાં પ્રથમ સ્થાન

ગાંધીનગર, તા.૪

અરિહંત હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને આરઆઈના મેડિસિન વિભાગના પ્રેક્ટિસ ફેકલ્ટી ડો. કિંજલ પટેલએ આયુષ(AYUSH) દ્વારા ૨૩ અને ૨૪મી એપ્રિલ ૨૦૨૨ ના રોજ રિવરફ્રન્ટ અને કાંકરિયા, અમદાવાદ ખાતે યોજાયેલ આયુથોન મેરેથોનમાં ૪૦-૬૦ વર્ષની મહિલા વય જૂથ વિભાગની ૧૦ કિમિ સાયકલિંગ અને ૫ કિમી દોડ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વધુમાં, ડૉ. પટેલે ૮મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા સાથે સંલગ્ન શ્રી રામ સી સ્વિમિંગ ક્લબ, પોરબંદર, ગુજરાત દ્વારા આયોજિત નેશનલ સી સ્વિમથોનમાં પણ ૧કિમિ અંતર (૪૦-૬૦ વર્ષની વય જૂથ) કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

તારીખ ૧લી મે ૨૦૨૨, ગુજરાત સ્થાપના દિવસે ડો. પટેલે સાયકલ ક્લબ અને કલેક્ટર કચેરી, મહેસાણા દ્વારા વડનગર, ગુજરાત ખાતે આયોજિત ઓપન વોટર લેક સી સ્વિમિંગ સ્પર્ધામાં ૨૦૦૦ મીટર અને ૮૦૦ મીટરની સ્વિમિંગ રેસમાં પ્રથમ ૨નર અપનો ખિતાબ જીત્યો છે. તેમની સિદ્ધિઓની હારમાળામાં વધુ સિદ્ધિ મેળવવા દ્વારા સ્વર્ણિમ યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું છે.

લેકાવાડા ગામે મહિલા પર ઘાતક હથીયાર વડે હુમલો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક લેકાવાડા ગામે રાત્રીના બે વાગ્યાના અરસામાં મહિલા પર ઘાતકી હુમલાની ઘટના સામે આવી છે. લેકાવાડા ખાતે ઘરની આગળ ખાટલામાં સુઈ રહેલી મહિલા પર અજાણ્યા શખ્સે ચપ્પા જેવા હથીયાર વડે હુમલો કરતા મહિલાને આંખના ભાગે ઈજા પહોંચતા ચાર ટાંકા આવ્યા છે. બનાવ અંગે ચિલોડા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક લેકાવાડ ગામના પાદરવાસામાં રહેતા ચંપાબેન મનસુખભાઈ દંતાણીને પતિ સાથે મનમેળ નહી આવતા છુટાછેડા થયા પછી તેઓ પિયરમાં રહે છે. ત્યારે ગતરોજ રાત્રીના સમયે ઘરની બહાર ભાઈ-ભાભી સાથે ચંપાબેન ખાટલામાં સુઈ રહ્યા હતા. તે સમયે રાત્રીના બે વાગ્યાના અરસામાં અવાજ થતા ચંપાબેન સફાળા જાગી ગયા હતા. તે સમયે પાતળા બાંધાનો કાળો શર્ટ પહેરેલ શખ્સ ખાટલા પાસે ઉભો હતો. ચંપાબેન કંઈ સમજે કે વિચારે તે પહેલા જ અજાણ્યા શખ્સે ચાકુ જેવા હથીયાર વડે હુમલો કર્યો હતો.જેથી સમય સુચકતા વાપરી ચંપાબેન નીચે બેસી જતા હથીયાર ચંપાબેનના આંખ અને કપાળના ભાગે ઈજા પહોંચી હતી. ચંપાબેને હોહા કરી મુકતા તેણીના ભાઈ-ભાભી સહિત આસપાસમાંથી ગ્રામજનો દોડી આવ્યા હતા. જેથી અજાણ્યો શખ્સ ઘરની પાસે દિવાલ કુદીને અંધારામાં ભાગી ગયો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ચંપાબેનને લાવવામાં આવ્યા હતા.જયાં કપાળના ભાગે તેમને ચાર ટાંકા આવ્યા હતા. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ચંપાબેનના પિતાને કોર્ટમાં જમીનનો કેસ ચાલી રહ્યો હોવાથી ગામના જ વ્યકિતએ અજાણ્યા શખ્સને મોકલ્યો હોવાની ચંપાબેને શંકા વ્યકત કરી છે.

જિલ્લાના ખેડૂતોને અધિકૃત સ્થાનોથી જ બિયારણ ખરીદવા અનુરોધ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪ જી અને ૫ જી જેવા જુદા જુદા નામે વેચતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહિ, તેવું નાયબ ખેતી નિયામક(વ)એ જણાવ્યું છે.

નાયબ ખેતી નિયામક(વ)એ ગાંધીનગર જિલ્લાના તમામ ખેડૂતોને જણાવ્યું છે કે આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે ખાસ કાળજી રાખવી. બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ-પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવી.

તેમણે વધુમાં જણાવ્યું છે કે ખેડૂતોએ બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરૂં નામ, સરનામું અને જે બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી. તે બાબતની ખાસ ચકાસણી કરવી. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી ન કરવા પણ ભારપૂર્વક જણાવ્યું છે.

તેમણે ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને અપીલ કરી છે કે કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪ જી અને ૫ જી જેવા જુદા જુદા નામે વેચતા બિયારણ અંગેની જાણ થાય તો તેની જાણ નાયબ ખેતી નિયામક(વ)ની કચેરી, સેકટર- ૧૫, ગાંધીનગર કે સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેકટરને જાણ કરવી. તેમજ વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ-થેલી તેમજ બિલ પણ સાચવી રાખવા પણ નાયબ ખેતી નિયામકે ભારપુર્વક જણાવ્યું છે.

ભાટ-ઝુંડાલમાંથી ૯ શકુનીઓને અડાલજ પોલીસે પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૪

અડાલજ પોલીસ મથક વિસ્તારના ભાટ અને ઝુંડાલ ખાતે ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને જુગારની બાજી માંડીને બેઠેલા ૯ જુગારીઓને અડાલજ પોલીસે દબોચી લીધા છે. પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૬૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે પોલીસને બાતમી મળી હતી કે ભાટ પગીવાસ ખાતે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેડ પાડીને ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા હસમુખ મેલાજી ઠાકોર, જીતેન્દ્ર કાળાજી ઠાકોર, ભલાજી જેણાજી ઠાકોર, અરવિંદ જીવણજી ઠાકોર અને યોગેશ કનુભાઈ પટેલ (તમામ રહે ભાટ) ને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસને દાવ પરથી રોકડા રૂ.૫,૫૭૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૫૧,૮૦૦ મળી આવ્યા હતા. પોલીસે તમામ જુગારીઓની જુગારધારા હેઠળ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે અડાલજ પોલીસે ઝુંડાલ ઈન્દીરાનગર ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમતા વિશાલ જયંતિજી ઠાકોર, બુધાજી કેશાજી ઠાકોર, શૈલેષ રમેશજી ઠાકોર, અને પિયુષ ખોડાજી ઠાકોરને જુગાર રમતા રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસને દાવ પરથી રોકડા રૂ.૨,૮૭૦ તેમજ અંગજડતી દરમિયાન ૭,૯૦૦ મળી કુલ રૂ.૧૦,૭૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. અડાલજ પોલીસે બે સ્થળે દરોડો પાડી ૯ જુગારીઓને રૂ.૬૮ હજારથી વધુની મત્તા સાથે પકડી પાડતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી છે.

સેવાયજ્ઞ-૨૨૨ દિવસ-૨૨૨ નિર્ણયનું વિમોચન

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના કેબિનેટ મંત્રી પૂર્ણેશભાઈ મોદી હસ્તકના વિભાગો દ્વારા નાગરિકોને જનસુખાકારીના લાભ સત્વરે પૂરા પાડવા લેવાયેલા નિર્ણયોના સંકલિત પુસ્તક 'સેવાયજ્ઞ' ''૨૨૨ દિવસ-૨૨૨ નિર્ણયો''નું રાજ્ય મંત્રીમંડળની બેઠક પછી ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગ, વાહન વ્યવહાર વિભાગ, પ્રવાસન વિભાગ, નાગરિક ઉડ્ડયન વિભાગ તથા યાત્રાધામ વિકાસ વિભાગ દ્વારા જનહિતના જે નિર્ણયો કરવામાં આવેલા છે તે તમામ નિર્ણયોને આ પુસ્તકમાં આવરી લેવાયા છે.

મુખ્યમંત્રીના નેતૃત્વની રાજ્ય સરકારે ૨૨૨ દિવસ પૂર્ણ કર્યા છે તેના ભાગરૂપે આ ૨૨૨ નિર્ણયોને પુસ્તક સ્વરૂપે સંકલિત કરીને જન ઉપયોગ માટે પ્રકાશિત કરવામાં આવ્યા છે. રાજ્ય મંત્રીમંડળના સૌ સભ્યો આ પુસ્તક વિમોચન અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાજેતરમાં સે-૨૨ના રંગમંચ ખાતે બે દિવસીય યોગ શિબિર યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં યોગાર્થીઓએ ભાગ લીધો હતો.

ગુજરાત સાયન્સ સિટી ખાતે સમર સાયન્સ આઉટરિચ કેમ્પ યોજાશે

એક માસના કેમ્પમાં ઈંટરેક્ટિવ સેશન્સ, વર્કશોપ્સ, હેંડ્સ ઓન એક્ટિવિટીઝથી ભરપૂર, સમર સાયન્સ આઉટરિચ કેમ્પ માટે સાયન્સ સિટી સજ્જ

ગાંધીનગર, તા.૦૪

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી જનસમુદાયમાં વિજ્ઞાનના પ્રચાર -પ્રસાર માટે કટિબદ્ધ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી થકી વિવિધ સમસ્યાઓના સમાધાન અને નિરાકરણ દ્વારા સામુચિક જીવન માટે ભાવિ પેઢીમાં વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપવા સાયન્સ સિટી દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે તા.૫મી મેથી ૫મી જુન ૨૦૨૨ દરમ્યાન સમર સાયન્સ આઉટરિચ કેમ્પ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે. ગરમીઓની રજાઓમાં ક્લાસરૂમની બહાર મનોરંજન સાથે જ્ઞાન થી ભરપૂર સમર સાયન્સ કેમ્પમાં વિવિધ વયજુથના બાળકો માટે ઈંટરેક્ટિવ સેશન્સ, વિવિધ પ્રવૃતિઓ અને, હેંડ્સ ઓન એક્ટિવિટીઝનું આયોજન કરવામાં આવ્યું છે.

હેંડ્સ ઓન વર્કશોપ્સમાં વિવિધ વિષયો આવરી લેવામાં આવ્યા છે જેમકે રોબોટિક્સ ચેમ્પિયન મોડ્યુલસ, પ્લાન્ટ ટીશ્યુ કલ્ચર, ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી, ઈલેક્ટ્રોનિક્સ સર્કિટ ડિઝાઈન, સાયન્સ જર્નાલીઝમ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ ટેકનોલોજી, વેસ્ટ ટુ બેસ્ટ, ટેલિસ્કોપ મેકિંગ, કેમેસ્ટ્રી ડેમોન્સ્ટ્રેશન, બટરફલાય લાઈફ સાઈકલ, કોમ્પ્યુટર ગેમ મેકિંગ ટૂલ્સ, મેથેમેટિક, ફિઝીક્સ, બોટની વગેરે. વિજ્ઞાન ક્ષેત્રે મહત્વની ઘટનાઓ અને દિવસોની ઉજવણી અંતર્ગત સાયન્સ એન્ડ ટેક્નોલોજી પર ડિબેટ અને નિબંધ સ્પર્ધા, ઈંટરેક્ટિવ સેશન્સ, ક્વિઝ, વક્તૃત્વ સ્પર્ધા, પેઈન્ટિંગ અને ડેમો લેક્ચર્સ જેવા વિવિધ કાર્યક્રમોનો પણ સમાવેશ છે. આ ઉપરાંત નાગરિકો માટે પોપ્યુલર સાયન્સ સીરિઝ, એલઈડી સ્ક્રીન પર સાયન્સ ફિલ્મ, આકાશદર્શન જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમર આઉટરિચ કેમ્પ ૨૦૨૨માં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા ૭૮ જેટલાં દિવંગત માટે શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૪

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ, ગાંધીનગરની એપ્રિલ માસની માસિક સભા બાદ સંસ્થા પરિવારના કોરોના કાળ દરમિયાન ૭૮ જેટલાં દિવંગત સભ્યોની સ્મૃતિમાં શ્રધ્ધાંજલિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પૂર્વ પ્રમુખ હસમુખભાઈ શાહે 'મંગલ મંદિર ખોલો' શ્રધ્ધાંજલિ ગીતથી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. દિવંગત આત્માઓ માટે બે મિનિટનું મૌન રાખી શ્રધ્ધાંજલિ આપી હતી. 'ઝાઝા આંસુ, થોડા ફુલ' વિષયે પૂર્વ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ વકતવ્ય આપ્યું હતું.

કોરોના કાળ દરમિયાન સંસ્થા પરિવારના ૭૮ જેટલાં દિવંગત સભ્યોની સ્મૃતિમાં સુર અને શબ્દના સાધક સુરેશભાઈ રત્નોત્તર અને કલાવૃંદ દ્વારા શ્રધ્ધાંજલી ગીતો રજૂ કરીને સહુને ભાવવિભોર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાંસ્કૃતિક સમિતિના કન્વીનર હસમુખ મેકવાન દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી અક્ષયભાઈ રાણાએ આભારવિધિ કરી હતી.

લેકાવાડાના ભાઈ બહેને ધરમપુરના વ્યકિતના નામે લોન લઈ પૈસા વાપરી નાંખ્યા

ગાંધીનગર,તા.૪

લેકાવાડા ગામે રહેતા ભાઈ અને બહેને અન્ય વ્યકિતના કાગળો પર રૂ.૩૬ હજારની લોન લઈને હપ્તા ભર્યા નથી. તે ઉપરાંત હપ્તા ભરવા માટે કહેતા વ્યકિતને ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ ધરમપુર પાણીની ટાંકી પાસે રહેતા અમરતભાઈ નેનાભાઈ વાઘેલા કટલરની સાયકલ પર ફેરી મારે છે. ત્યારે લેકાવાડા ગામે રહેતા ગીતાબેન કેશાજી સોલંકી સાથે ફેરીમાં જતા હોવાથી ઓળખાણ થઈ હતી. ગીતાબેન લોન કરી આપતા હોવાથી અમરતભાઈએ તેમને આધારકાર્ડ, પાનકાર્ડ અને ચુંટણી કાર્ડ લોન લેવા માટે આપ્યું હતું. જયારે મહેન્દ્ર ફાયનાન્સમાંથી ઓનલાઈન ફોર્મ ભરી રૂ.૩૬,૭૩૪ ની લોન મંજુર કરાવી હતી.ત્યારબાદ અમરતભાઈના એકાઉન્ટમાંથી એટીએમ દ્વારા પૈસા ઉપાડી લીધા હતા. ત્યારબાદ અમરતભાઈ લોનના હપ્તા ભરવાનું કહેતા તેઓ ગીતાબેન સોલંકી વાયદા કરતા હતા અને પૈસા ભરી દેવાનું જણાવતા હતા. જયારે તેઓએ તા.૨૫ માર્ચના રોજનો વાયદો કર્યો હોવાથી અમરતભાઈ સાંજના ૫ વાગે જતા ગીતાબેન તેમજ તેમના ભાઈ રાજુ સોલંકી બંન્ને જણાએ મને પૈસા આપવાની ના પાડી હતી અને ઉશ્કેરાઈને ગાળાગાળી કરી લોન અંગે આવશો તો પગ તોડી નાંખશુ તેવી ધમકી આપી હતી. ચિલોડા પોલીસ મથકે અમરતભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અખાત્રીજ પર્વ નિમિત્તે કેસુડાના શરબતનું વિતરણ કરાયું

ચિલોડા સર્કલ, દહેગામ તાલુકા પંચાયત અને દહેગામ નરોડા રોડ બિલાસિયા સર્કલને આવરી લીધા : ૩૯૦૦ લીટર શરબતનો ૨૫૦૦૦ લોકોએ લાભ લીધો

ચિલોડા, તા. ૪

અખાત્રીજ પર્વ નિમિત્તે પ્રેરણામૂર્તિ ભારતીશ્રીજીના સત પ્રેરણા ટ્રસ્ટના સેવાધારી ભાઈ-બહેનો દ્વારા ધોમધખતા કાળઝાળ ગરમીના દિવસોમાં પણ જળસેવા આપી હૃદયની ઠંડકનો અહેસાસ કરાવતો કેસુડાનો શરબતનું ઠંડુ કુદરતી પીણું ઉત્તમ રસપાન બન્યું.

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા સર્કલ પાસે દહેગામ તાલુકા પંચાયત ઓફિસ પાસે તથા દહેગામ નરોડા રોડ પર બિલાસિયા સર્કલ પર કેસુડાના ઠંડા શરબતનું નિઃશુલ્ક વિતરણ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ત્રણેય સ્થળોને આવરી લેતાં સર્વે મુજબ ૩૯૦૦ લીટર શરબત સાથે ધમધમતુ ચિલોડા જંકશન મથક પર એસ.ટી. બસના મુસાફરો, ખાનગી વાહનોમાં મુસાફરી કરતાં મુસાફરો, વાહનચાલકો, વિવિધ યાત્રિકો તથા આસપાસના વાણિજ્યક્ષેત્રે સંકળાયેલા અસંખ્ય વેપારીઓ, ફેરિયાઓ અવરજવર કરતા લાખો લોકોને આશરે ૨૫૦૦૦ નાગરિકોએ અખાત્રીજ પર્વની નિઃશુલ્ક નિરોગી શરબતનું રસપાન કરી સેવાને બિરદાવી હતી.

ગાંધીનગરના સે-૫ વસાહત મંડળ દ્વારા હોમિયોપેથિક ડૉ.વિજય જોગીના સહયોગથી નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. જોગી દ્વારા લાભાર્થીઓને હૃદયને લગતી તપાસ ઉપરાંત બી.પી., ઈસીજી, લોહીની તપાસની સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

શહેરની સત્યાગ્રહ છાવણી શુક્રવારે શિક્ષકોથી ઉભરાશે

ગાંધીનગર,તા.૪

રાષ્ટ્રીય સંયુકત મોરચા અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આગામી તા.૬ મેના રોજ શિક્ષકોથી ઉભરાશે. વિવિધ પડતર માંગણીઓ મુદ્દે શિક્ષકો ધરણા પ્રદર્શન યોજશે. રાજયભરમાંથી અંદાજીત ૩૦ હજારથી વધુ શિક્ષકો આવશે. આ ધરણા પ્રદર્શનને પગલે છાવણી ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

શિક્ષકોની વર્ષોથી કેટલીક માંગણીઓ પડતર પડી છે. જેને પગલે રાષ્ટ્રીય સંયુકત મોરચા દ્વારા લડતના મંડાણ થયા છે. ત્યારે ગુજરાતમાં નવી પેન્શન યોજનાને બદલે જુની પેન્શન યોજના પુનઃ ચાલુ કરવી, નગર તેમજ મહાનગર પાલિકાના શિક્ષકો માટે ૪૨૦૦ ગ્રેડ પે, એચ ટાટ ઓ.પી.થયેલા મુખ્ય શિક્ષકોનો પ્રશ્ન સરકારી તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક તેમજ આચાર્ય સંવર્ગના પાંચ વર્ષની સળંગ નોકરી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બદલીનો લાભ આપવો, પગાર પંચના બાકી ત્રણ હપ્તા,કેન્દ્રના ધોરણે જાન્યુ-૨૨ થી ત્રણ ટકા મોંઘવારી તેમજ સાતમા પગારપંચ મુજબ ઘરભાડુ સહિત અન્ય ભથ્થા જાહેર કરવા શિક્ષકો દ્વારા આગામી તા.૬ મે ના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ધરણા પ્રદર્શન યોજવામાં આવશે. ત્યારે છાવણી ખાતે આયોજીત આ કાર્યક્રમમાં હજજારોની સંખ્યામાં શિક્ષકો ઉમટી પડશે.